# સામાજીક વનીકરણ વિભાગ, સોજીત્રાના સહયોગથી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ ખાતે ૬૮મા વન મહોત્સવની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ દ્વારા સામાજીક વનીકરણ વિભાગ, સોજીત્રાના સહયોગથી તા.૨૮.૦૭.૧૭ના રોજ ૬૮મા વનમહોત્સવ ઉજવણી અંતર્ગત વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવેલ. આ કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને શ્રી આર.એસ.આજરા, મુખ્ય વનસંરક્ષકશ્રી, અમદાવાદ, મુખ્ય મહેમાનશ્રી તરીકે શ્રી દીપેશકુમાર એમ. મહિડા, માન.પ્રમુખશ્રી, તાલુકા પંચાયત,સોજીત્રા, અતિથીવિશેષ તરીકે ડૉ. અરૂણભાઇ પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આકૃયુ, આણંદ, તેમજ શ્રી આર.એન.ચાવડા,મામલતદારશ્રી, સોજીત્રા અને શ્રી એ.એચ.ગઢવી, ડિસ્ટ્રીક્ટ ફોરેસ્ટ ઓફિસર, સોજીત્રા ઉપસ્થિત રહેલ. કાર્યક્રમની શરૂઆતમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડૉ.જી.જી.પટેલ દ્વારા સર્વેનું શાબ્દિક તથા પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યુ. ત્યારબાદ દેવાતજ ગામની શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા પ્રાર્થના તથા સ્વાગત ગીત રજૂ કરાતા મહેમાનો દ્વારા રોકડ ઈનામથી પુરસ્કૃત કરવામાં આવેલ. શ્રી એ.એચ.ગઢવી, ડિસ્ટ્રીક્ટ ફોરેસ્ટ ઓફિસર, સોજીત્રા દ્વારા વન મહોત્સવના મહત્વ વિષે માહિતી આપવામાં આવી. ત્યારબાદ શ્રી આર.એન.ચાવડા,મામલતદારશ્રી, સોજીત્રા એ પ્રસંગોચિત્ત ઉદબોધન આપેલ જેમાં તેમણે પ્રકૃતિના મહત્વ વિશે જણાવતા કહ્યું કે આપણે પૃથ્વી પર ટકી રહેવા માટે પ્રકૃતિનું જતન કરવું પડશે.ડૉ. અરૂણભાઇ પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આકૃયુ, આણંદ એ કલાઇમેટ ચેન્જ તથા ગ્લોબલ વોર્મીંગ વિશે માહિતી આપી વૃક્ષોના મહત્વ વિશે માહિતગાર કરેલ. ત્યારબાદ શ્રી દીપેશકુમાર એમ. મહિડા, પ્રમુખશ્રી, તાલુકા પંચાયત,સોજીત્રા દ્વારા આપણી આવનાર પેઢી માટે પણ વૃક્ષો ઉછેરવા જણાવ્યુ જેથી તેઓ અતિવૃષ્ટિ અનાવૃષ્ટિ તેમજ ગ્લોબલ વોર્મીંગથી બચી શકે. શ્રી આર.એસ.આજરા, મુખ્ય વનસંરક્ષકશ્રી અમદાવાદ એ સરકારશ્રીનો અભીગમ અને વન વિભાગની યોજનાઓ વિશે માહિતી આપી હતી તથા ખેડૂતોને આ યોજનાઓનો વધુમાં વધુ લાભ લેવા પ્રોત્સાહિત કર્યા તેમજ ગ્રામ્ય તથા તાલુકા કક્ષાએ વન મહોત્સવને વેગ આપવા જણાવ્યુ. વધુમાં આણંદ જિલ્લાના પ્રગતિશીલ ખેડૂતો દ્વારા તેઓના વૃક્ષ ઉછેર અંગેના પ્રતિભાવો રજૂ કરાયા.

આ કાર્યક્રમમાં અલગ અલગ ગામના ૭૮ ખેડૂતો તેમજ દેવાતજ ગામની શાળાના ૭૫ વિદ્યાર્થી- વિદ્યાર્થીનીઓ તથા શિક્ષકોએ ખુબ જ ઉત્સાહથી ભાગ લીધો. કાર્યક્રમનાં તાંત્રિક બેઠકના અંતે શ્રીમતિ અમીતાબેન પરમાર, વૈજ્ઞાનિક(બાગાયત) દ્વારા ફળાઉ તેમજ ઔષધિય વૃક્ષોના વાવેતર થકી ખેડૂતો આર્થિક ઉપાર્જન મેળવી શકે તે બાબતે જણાવ્યુ તેમજ તેમના દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવી. ત્યારબાદ ઉપસ્થિત મહેમાનશ્રીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યુ જેમાં મુખ્યત્વે જાંબુ, લીમડા તથા અન્ય વનવૃક્ષો રોપવામાં આવ્યા. સદર કાર્યક્રમનું આયોજન તેમજ સફળ સંચાલન ડૉ.જી.જી.પટેલ,વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, કેવિકે, દેવાતજ, શ્રી વી.એમ.ઝાલા, રેંજ ફોરેસ્ટ ઓફિસર, સોજીત્રા, શ્રીમતિ અમીતાબેન પરમાર, વૈજ્ઞાનિક(બાગાયત) કેવિકે, દેવાતજ તથા શ્રીમતી વીરૂબેન ગોરડીયા, વનપાલ, સોજીત્રા દ્વારા કરવામાં આવેલ.

# ૬૮મા વન મહોત્સવ ઉજવણીની ઝાંખીઓ







